# સરકારી વિનયન કોલેજ

(ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા સંચાલિત અને ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન)

શ્રી કે.કા.શાસ્ત્રી શૈક્ષણિક સંકુલ, ખોખરા રોડ, મણિનગર(પૂર્વ), અમદાવાદ–૩૮૦૦૦૮.

સત્યમેવ જયતે ફોન: ૦૭૯–૨૨૯૩૨૫૧૬ Email: info@gacmaninagar.com URL: www.gacmaninagar.com

आज़ादी का अमृत महोत्सव

G20 भारत 2023 INDIA


તા.૧૭/૦૫/૨૦૨૩

## ઉનાળુ વેકેશન-૨૦૨૩ દરમ્યાન કૉલેજના વિદ્યાર્થીઓ માટે બેઝિક કોમ્પ્યુટર તાલીમ

આથી અત્રેની કૉલેજમાં અભ્યાસ કરતા શૈ.વર્ષ: ૨૦૨૨-૨૩ ના બી.એ. સેમ-૨ અને ૪ ના તમામ વિદ્યાર્થીઓને જણાવવાનું કે, વિદ્યાર્થીઓ માટે ઉનાળુ વેકેશન-૨૦૨૩ દરમ્યાન તા.૨૨/૦૫/૨૦૨૩ થી ૦૧(એક) મહિના માટે બેઝિક કોમ્પ્યુટર તાલીમનું આયોજન કરવામાં આવનાર છે. જેમાં વિદ્યાર્થીઓને કોમ્પ્યુટરમાં બાયોડેટા બનાવવા, **MS Office,** ઇન્ટરનેટ, ઇ-મેઇલ, ઓનલાઇન ફોર્મ ભરવા, સરકારી ભરતી માટે વિગતો સર્ચ કરવી, સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઉપયોગી વેબસાઇટ, ડોક્યુમેન્ટ અપલોડ કરવા વગેરે જેવી બાબતોની પ્રેક્ટિકલ તાલીમ આપવામાં આવશે. આ તાલીમનું આયોજન તદ્દન ફ્રી રાખેલ છે. જેથી કૉલેજના જે વિદ્યાર્થીઓ આ તાલીમમાં જોડાવા ઇચ્છતા હોઇ તેઓએ પોતાની વિગત ઓનલાઇન ગુગલ ફોર્મના માધ્યમથી ભરી દિન -૦૨ માં રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

રજિસ્ટ્રેશન લિંક : **https://forms.gle/oSQcrwrvAX7JTFBcA**

ઉક્ત તાલીમ તા.૨૨/૦૫/૨૦૨૩(સોમવાર) થી શરૂ થશે અને સમય બપોરે ૧૨-૦૦ થી ૧-૩૦નો રહેશે. આ તાલીમ કૉલેજના જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓ માટે છે. આ તાલીમ માટે હાજરી ફરજિયાત છે તેમજ અધવચ્ચેથી ૦૧ દિવસ ગેરહાજર રહેનાર વિદ્યાર્થીને તાલીમમાં રાખવામાં આવશે નહિં. તાલીમ માટે ૦૧ બેચમાં ૨૫ વિદ્યાર્થીઓની સંખ્યા રહેશે. વહેલા તે પહેલાના ધોરણે રજીસ્ટ્રેશન કરાવી લેવા અનુરોધ છે. વધુ વિગતો માટે કૉલેજની ટેલિગ્રામ ચેનલ જોતાં રહેવું.

ડૉ.નમિતા શર્મા
આચાર્ય
સરકારી વિનયન કોલેજ
મણિનગર, અમદાવાદ